

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*કાર્યકર્તા હતાશ છે કેમ ? - મને ખબર નથી!*
*નિર્દોષ પોલીસ બદલાય કેમ ? - ખબર નથી !*
*આંકડાનો જાદુ થાય કેમ ? મને ખબર નથી !*
*ને દર્દી સાજા થા છે કેમ ? મને ખબર નથી!*
*(નિર્દોષ-નિર્લેપ મા. મુખ્યમંત્રીશ્રી)*

**હાઈકુ**

*થાબડે વાંસો*
*ને ગાલે લે ચીમટો -*
*ટ્રંપની ટ્રીક...*
*(વિદ્યાર્થી - દેશનિકાસ - ચીન સામે સાથ)*

*આ નગરમાં -*
*મેઘો આવે તો ખરો !!*
*પગ ભાંગસું!!*
*(આ VIP નગર છે)*

### ચિંતન

**બહુનામ્યસારાણાં, સંહતિઃ કાર્યસાધિકા ।**
**તૃણૈર્ગુણત્વમા પર્નૈબધ્યન્તે મત્તદન્તિનઃ ॥**

**ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત પદાવલીમાંથી લેવામાં આવેલ છે.**

**તદ્દન મામૂલી અને સામાન્ય લોકો (ચીજવસ્તુઓ)નો સમૂહ પણ સંગઠીત થાય તો કાર્યસાધક કોઈ પણ સમસ્યાનો ઉકેલ લાવી શકે છે જેમ કે તદ્દન સામાન્ય તુચ્છ-તૃણ-તણખલાં જેવા ઘાસમાંથી પણ બનાવેલું મજબૂત - થયેલું દોરડું મદોન્મત અલમસ્ત હાથી ને પણ બાંધી શકે છે.**

**આજકાલ સંગઠન યુનિયન મહત્ત્વ વધતું જાય છે. સંગઠનમાં શિસ્ત અને શ્રદ્ધા હોય, એકતા અને વિશ્વાસ હોય તો જ સફળતા મળે. એકતા ન હોય તો સંગઠન નકામું બની જાય. શ્રદ્ધા વિશ્વાસ - નિષ્ઠા અને શિસ્તભર્યો સંપ હોય ત્યાં જ સંગઠન - યુનિયન ને સફળતા પ્રાપ્ત થાય છે.**

### સુવિચાર

- જો બાહર કી સુનતા હે, બિખર જાતા હે... જો ભીતર કી સુનતા હે સંવર જાતા હે...!! - **પ્રતિભા ત્રિપાઠી**
- 'શબ્દ' હંમેશા સંવેદનથી છલોછલ હોય છે!! એને છંછેડવો, છેતરવો, છૂપાવવો,છલકાવવો એ આપણે નક્કી કરવાનું છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જીભના શબ્દો અને શબ્દોનો વટ માણસનું મગજ નહીં એના ખિસ્સાનો ભાર નક્કી કરે છે - **બોધિવૃક્ષ**
- મહત્વાકાંક્ષા વિનાનું જીવન સૂકા રણ જેવું છે, તે જીવનની સમૃદ્ધિથી કપાઈ અને અલગ થઈ જાય જેવું છે, તે જીવનની સમૃદ્ધિથી કપાઈ અને અલગ થઈ જાય છે - **ડેનિયલ ગોલ્ડમેન્**
- હિંમત હતાશાની વિરોધી નથી, તે તો કદાચ, હતાશા વચ્ચે પણ આગળ વધવાની શક્તિ છે - **રોલોમે**
- સ્વપ્નને સિદ્ધ કરવામાં માત્ર એક જ વાત આડી આવે છે : નિષ્ફળતાનો ભય - **પોલો કોહેલો**
- આજનું ઔષધ : એરંડાના પાન સાથે લસણને પીસીને પેસ્ટ બનાવીને સુંઘવાથી ડિપ્થેરિયામાં રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એકવાર ઉંદર અને દેડકાની દોસ્તી થઈ. સાથે જમે, સાથે ફરે અને આનંદ કરે. ઉંદર તો જમીન પર જ જીવી શકે જયારે દેડકો તો જમીન અને પાણી બંને પર જીવી શકે. બંને પોતાની દોસ્તી અતૂટ રાખવા એક યુક્તિ કરી. બંને સ્વેચ્છાએ એક રસ્સીથી બંધાઈ ગયા. એક છેડે ઉંદર અને બીજે છેડે દેડકો. હવે જયાં જવું હોય હોય ત્યાં સાથે જ જવાનું સાથે જ રહેવાનું. એકવાર દેડકો અને ઉંદર વચ્ચે મતભેદ સર્જાયો. દેડકાને ગુસસો આવ્યો અને દોડ્યો તળાવમાં. સાથે સાથે ઉંદર પણ ઘસડાઈને તળાવમાં આવ્યો. દેડકો એને પાણીમાં ખેચીં જવા લાગ્યો. ઉંદરનો શ્વાસ રૂંધાવા લાગ્યો. ઉંદરે જોર કરી તરીને પોતે જમીન પર આવ્યો. સાથે સાથે દેડકો પણ જમીન પર આવી ગયો. એ જ વખતે એક સમડી આકાશમાંથી આવી. આ વખતે એને એક સાથે રસ્સીમાં બંધાયેલો ઉંમર અને દેડકો બંને મળ્યા. સમડીએ બંનેનો શિકાર કર્યો.

પ્રકૃતિનો અફર નિયમ છે કે જેવું કરશો તેવું ભરશો.

# 'વિકાસ'ના વિવિધ આયામો વચ્ચે કણસતી પ્રજા

**તંત્રીસ્થાનેથી...**

એક જ દિવસમાં પચ્ચીસ હજાર જેટલા પોઝિટિવ કેસ નોંધાયા પછી પણ કેન્દ્રીય આરોગ્યપ્રધાન ડૉ. હર્ષવર્ધન છાતી ઠોકીને કહી શકે છે કે આપણે હજી કોરોનાના કોમ્યુનિટી ટ્રાન્સમિશનના સ્ટેજે પહોંચ્યા નથી. એમને દેશની બહોળી વસતિનાં પ્રમાણમાં અન્ય દેશોની સરખામણીએ કોરોના સંક્રમણના કેસોની સંખ્યા અને મરણાંક ઘણાં ઓછાં લાગે છે. કેન્દ્ર સરકાર હજી એવા ભ્રમમાં જીવી રહી છે કે સરકારે કરેલા ઉપાયો, લોકડાઉન સહિતનાં પ્રતિબંધો વગેરેના કારણે દુનિયામાં કોરોના મેનેજમેન્ટમાં આપણો દેશ પ્રશંસનીય કામગીરી બજાવી શક્યો છે અને હાલની સ્થિતિથી ડરી જવાની જરૂર નથી. એક રીતે આ પણ શાહમૃગવૃત્તિ જ છે. બીજા દેશોમાં ઓછી વસતી છે છતાં વસતિના પ્રમાણમાં સંક્રમણ ઘણું વધારે છે, મોતનું પ્રમાણ પણ ભારતમાં અધિકૃત આંકડા જેટલાં જ લોકો સંક્રમિત છે અને સરકારી આંકડા જેટલા જ કોરોના-મૃત્યુ નીપડ્યાં છે એ થિયરી પણ ગળે ઊતરે એવી નથી. હજારોની સંખ્યામાં એવા લોકો હશે જેમને કોરોનાનો ચેપ લાગ્યા પછી કુદરતી રીતે જ મરી ગયા હશે અને એમને બીજા હજારોને છાનોમાનો ચેપ પણ લગાડી દીધો હશે. મૃત્યુ તો દર મિનિટે થતાં રહે છે એટલે બધા મરનારાનું કોરોના ટેસ્ટિંગ કરવું પણ આવડી મોટી વસતિ ધરાવતા દેશમાં શક્ય નથી. મૂળે આ વૈશ્વિક બીમારી હવે દેશની પ્રજાને કોઠે પડી ગઈ છે, જે મોંઘા ઈંજેકશન સરકાર મંગાવે છે તે કેટલા દરદીઓને આપી શકાશે ? આવા ઈંજેકશનોનો સપ્લાય તો પોઝિટિવ દર્દીઓની સરખામણીમાં ઘણો જૂજ છે. પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષે બળાપો કાઢ્યો છે તે ખોટો નથી. આવાં ઈન્જેકશનોના કાળા બજાર થઈ રહ્યા છે. બીજી તરફ રાજયનાં આરોગ્ય સચિવનો ખાનગી ડૉકટરો દ્વારા આવાં ઈન્જેકશનોનો બેફામપણે ઉપયોગ થઈ રહ્યો હોવાનો આક્ષેપ પણ સકારણ છે. ખાનગી હોસ્પિટલોમાં સારવાર લેનાર સંપન્ન દરદીઓને વહેલા સાજા કરી દેવા માટે ડૉકટરો આવાં ઈન્જેકશનો વધુ પ્રમાણમાં માગતા રહેતા હોય એ શક્ય છે. શું ગુજરાતના કર્ણધારો એમની છાતી પર હાથ મૂકીને કહી શકે એમ છે કે કોરોનાગ્રસિત ઝૂંપડપટ્ટીના દર્દીને પણ કોઈ પ્રધાન કે રાજનેતા જેટલી જ ગંભીરતાપૂર્વક અને એવી જ અસરકારક સારવાર અપાય છે? 'વિકાસ'નો આ પણ એક વિશિષ્ટ આયામ છે. કોરોના રંગ અને રાયને સમાન માને છે પણ સરકાર હરગિજ નહીં માને. વિકાસ દુબે રાજયની સરહદો સીલ થયેલ હોવા છતાં કયાંથી કયાં ફરતો ફરતો મૃત્યુજંય મહાકાલની ઉજ્જેણી નગરીમાં પહોંચી જઈ સલામત રીતે એરેસ્ટ થઈ શકે છે. એ જ વિકાસ દુબેના પાંચ સાગરિતોનું ઉત્તરપ્રદેસ પોલીસ એન્કાઉન્ટર કરી શકી. શું વિકાસ પર મૃત્યુના દેવના ચાર હાથ હતા - એમ માનીશું ? છેલ્લે ડીએસપી જેવા અધિકારી જયારે કાફલા સહિત આ માથાભારે ગુંડાને પકડવા નીકળ્યા ત્યારે પોલીસ સ્ટેશનમાંથી જ વિકાસ દુબેને એની આગોતરી સૂચના મળી ગઈ ! આ છે આપણી સુરક્ષાનું વિકાસ મોડેલ. પછી એ જ વિકાસ દુબેને હાથકડી વગર પોલીસ પોતાની જોડે બેસાડે, રસ્તામાં છેક કાનપુર નજીક પહોંચતાં ગાડી ઊંધી વળે અને વિકાસ દુબે પોલીસની રાઈફલ લઈ છટકે અને એન્કાઉન્ટરમાં માર્યો જાય તે તમામ ઘટનાક્રમમાં અનેક રહસ્યોને એકીસાથે ભોંયમાં ભંડારી દેવાનો જ આશય નથી લાગતો શું ? આર્થિક રીતે ખુવાર થઈ ગયા પછઈ હવે બધું ખાનગી કંપનીઓને પધરાવી દઈ જવાબદારીમાંથી મુક્ત થઈ જવાની ઉદાત્તવૃત્તિ પણ વિકાસ મોડેલનો જ ઐતિહાસિક નમૂનો બની રહેશે. મોદીન આર્થિક વિકાસની લીલી કૂંપળો ફૂટતી દેખાઈ રહી છે. હિંદી ભાષામાં એક કહેવત છે : સાવન કે અંધે કો સબ હરા હી હરા દિખતા હે ! ડિઝલ - પેટ્રોલ પુરાવનારા ખેડૂતને કે મધ્યમવર્ગના વાહન ચાલકને જ બધું કાળુંધોળું લાગે છે. સરકાર તો બગલો ઊંચી કરી દીધી છે.

# દુનિયા મેં આદમી કી નહીં ઉસકે કપડો કી ઉસ કે ધન કી કદર હોતી હે



**વિચારયાત્રા**
**ડાયલોગથી દેવભાષા**

**દુનિયા મેં આદમી કી નહીં ઉસકે કપડો કી ઉસ કે ધન કી કદર હોતી હે**

**- હિરો નંબર વન**

૧૯૯૭માં ડેવિડ ધવન અને ગોવિંદાની જોડીનો જાદુ આ ફિલ્મમાં ચાલી ગયો હતો. આ ફિલ્મ ૧૯૭૨માં ઋષિકેષ મુખર્જી દિગ્દર્શિત 'બાવર્ચી'ની આ સત્તાવાર રીમેક ફિલ્મ હતી, પરંત આપણામાંથી બહુ ઓછા એ વાત જાણતા હશે કે 'બાવર્ચી' પણ ૧૯૬૬માં આવેલી બંગાળી ફિલ્મ 'હલ્પા હોલે સત્યી (GALYA HOLEO SATYI) પરથી પ્રેરિત હતી. આ ફિલ્મ તપન સિંહાના દિગ્દર્શનમાં બની હતી.

'હિરો નં.૧' ફિલ્મમાં આ સંવાદ 'કાદરખાનના મુખે બોલાવવામાં આવ્યો છે. નોકર બનીને કામ કરવાનું નાટક કરતા ગોવિંદાને મળવા માટે તેના પિતા કાદરખાન ચોકીદાર બનીન મળવા જાય છે, અને પછી બંને બાપ-દીકરો તે જ ચોકીદાર અને નોકરના કપડામાં એક પાંચ સિતિરા હોટલમાં જમવા જાય છે. જયાં હોટલનો રક્ષક તેમને રોકે છે, અને ત્યારે કાદરખાન ગોવિંદાને કહે છે કે - 'બેટા આ બધા તે આપણા શિક્ષક છે, કે જેઓ આપણને જણાવે છે કે દુનિયામાં વસ્ત્રનું મહત્વ કેટલું છે.'

'સુભાષિત રત્નભાણ્ડાગાર'માં પણ ઉપરના સંવાદ જેવું જ અર્થસામ્ય ધરાવતું એક હાસ્ય - મૌક્તિક મળી આવે છે.

**કિં વાસસા તત્ર વિચારણીયં વાસઃ પ્રધાનં ખલુ પેષ્યતાયી : ।**
**પીતાંબરં વીક્ષ્ય દદો સ્વકન્યાં દિગ્મબર વીક્ષ્ય વિષં સમુદ્રઃ ॥**

- વસ્ત્રથી શું વિચાર કરવો જોઈએ ? ઉચ્ચ કે નિમ્ન યોગ્યતાની પરખ માટે વસ્ત્રનું મહત્વ છે. સમુદ્ર એ વિષ્ણુને પિતાંબરધારી જોઈને પોતાની કન્યા (લક્ષ્મી) આપી દીધી અને શિવને દિગમ્બર જોઈને વિષ આપ્યું.

દરેક સમયમાં જે સમાજ છે તેની દષ્ટિમાં કોઈ પરિવર્તન નથી આવ્યું તેનું આ દષ્ટાંત છે, વ્યક્તિને તેના બાહ્યરુપરંગ વસ્ત્ર પરથી પરખવાની, રીત તો વર્ષો પુરાણી છે. સંસ્કૃત સાહિત્યમાં તો 'ગાગરમાં સાગર' સમાય તેટલી ગહન વાતો કરવામાં આવી છે. આ સાહિત્યનો અભ્યાસ આપણને વધુ વ્યવહાર કુશળ અને જ્ઞાનસમૃદ્ધ બનાવે છે.

- jayuoza@gmail.com, Mo.9898046488

# રવિવારે ઓનલાઈન કાવ્ય મહેફિલ



**સાહિત્ય વૃત્ત**
**મૂળજીભાઈ પરમાર 'દધિ'**

'વૃત્ત સંચય'

● ગાંધીનગર સાહિત્ય સભાની બેઠક, છેલ્લા ૨૩ વર્ષથી, દર મહિનાના બીજા રવિવારે અચૂક મળે છે.કોરોના કહેરની વૈશ્વિક મહામારીના કપરા કાળના સંજોગોમાં પણ,આ સાહિત્યિક મહેફિલ, સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને પણ ચાલુ રાખવામાં આવે છે.

જુલાઈ માસની સાહિત્યિક મહેફિલ, તા.૧૨-૭-૨૦૨૦ના રોજ, સાંજના ૫-૩૦થી ૬-૩૦ દરમિયાન, અધ્યક્ષશ્રી સંજય થોરાતની અધ્યક્ષતામાં, ઓનલાઈન, ઝૂમ એપ્લિકેશન પર યોજાશે ; જેમાં જાણીતા કવિ'બેશુમાર' એમની રચનાઓ પ્રસ્તુત કરશે; સાથોસાથ ગુજરાતમાં ફિલ્મ અને ટીવી ક્ષેત્રે પ્રસિદ્ધિ પામેલ અભિનેત્રી,મોરલી પટેલ દ્વારા, સંજય થોરાતની લઘુકથા 'મધ્યમ વર્ગની સાડી' નું વાચિકમ્ કરવામાં આવશે. આ મહેફિલનું સંચાલન જાણીતા વાર્તાકાર-ઉપાધ્યક્ષશ્રી કલ્પેશ પટેલ કરશે. સૌ સાહિત્યપ્રેમીઓને આ કાવ્ય મહેફિલ માણવા, ઑનલાઈન હાજર રહેવા, મહામંત્રી રમેશ ઠક્કર દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ગુરુ પૂર્ણિમા નિમિત્તે, ગાંધીનગર સાહિત્ય સેવા સંસ્થાન દ્વારા, તારીખ ૫મી જુલાઈએ એક આંતરરાષ્ટ્રીય કવિસંમેલન ઑનલાઈન યોજવામાં આવેલ. જેમાં ૧૩ વર્ષના કિશોરથી લઈને ૮૪ વર્ષ સુધીના વયોવૃદ્ધ , ૧૦૪ કવિઓએ ભાગ લઈ, ગુરુ મહિમાનું કાવ્યગાન કર્યું હતું.આ કવિઓનો ઑનલાઈન સન્માન સમારંભ, તા.૬ઠ્ઠી જુલાઈ,૨૦૨૦ના રોજ ડૉ.ગુલાબચંદ પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ ગયો; જેનું ઉદ્ઘાટન રામ સ્વામી (ગુરુકુળ, ગાંધીનગર) દ્વારા કરીને કવિઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.આભારવિધિ કાન્તીભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

muljibhaidadhi@gmail.com, (M)9824236893

# રામસિંહજી રાઠોડ : કચ્છ અને કચ્છનું સંસ્કૃતિ દર્શન



**ક્ષણના ચણીબોર**
**વી. એસ. ગઢવી**

કચ્છની ભાતીગળ ભોમનું સૌંદર્ય અને તેના પાણીદાર માનવીઓનું સૌંદર્ય નીચેના થોડા શબ્દોમાં અસરકારક રીતે પ્રગટ થયું છે.

ખેરી બેરી ને બાવરી,
ઝિઝાં કંઢા ને કખ,
હોથલ હાલો કચ્છડે,
જિત માડુ સવાલખ્ખ.

કચ્છની વિશાળ ધરતી ઉપર ખેર, બાવળ તેમજ બોરડી ફેલાયેલા છે. કાંટા અને ઝાંખરા પણ છે. ઓઢો હોથલને સમજાવે છે કે આ કાંટા અને ઝાંખરાના પ્રદેશમાં લાખેણાં માણસો છે. કોઈપણ પ્રદેશની શોભા તેના માણસો હોય છે. 'ભારત પચ્છમ અચ્છો કચ્છ' એ કવિ ઉમાશંકર જોશી કથિત પંક્તિ વાંચવામાં આવી છે. કચ્છના અમૂલ્ય સાહિત્યને પાંખો આપનાર સર્જક દુલેરાય કારાણી છે. એજ રીતે કચ્છી ખમીરનો હરતો ફરતો ધબકાર એ રામસિંહજી રાઠોડ છે. કચ્છની અસ્મિતાના જાણતલ તેમજ તેના આજીવન ઉપાસક એવા રામસિંહજીનો જન્મ આઠમી ડિસેમ્બર ઓગણીસો સત્તારમાં થયો હતો. તેમના જન્મને એક શતાબ્દીથી પણ વધારે વર્ષોના વહાણા વાઈ ગયા છે. તેમની ચિરવિદાયને પણ થોડા સમયમાં અઢી દાયકા પૂરા થશે. આમછતાં રામસિંહજીરાઠોડ તેમના કાર્યોથી આજે પણ અનેક લોકોના મનમાં જાગૃત તેમજ જીવંત છે. કચ્છની મારી વહીવટી કામગીરીના સમયગાળામાં તેમની સાથે થયેલ પ્રસંગોપાત મુલાકાતો તથા સંવાદ હમેશા માહિતી પ્રચૂર તેમજ માણવા જેવા હતા. રામસિંહજી રાઠોડની સ્મૃતિને વંદન કરતું એક પુસ્તક જોઈને તેમની સ્મૃતિ ફરી તાજી થઈ. પુસ્તકનું સુંદર સંપાદન જોરાવરસિંહજી જાદવ તેમજ તેમના સાથીઓએ ખંતથી કરેલું છે. કચ્છની વિવિધ કળા તેમજ સંસ્કૃતિને બહોળી પ્રસિધ્ધિ અને પ્રતિષ્ઠા અપાવનાર રામસિંહજીને સમાજ વિસરી શકે તેમ નથી. કચ્છની સંસ્કૃતિ અને કળાના સર્વસંગ્રહ જેવા રામસિંહજી હતા. તેમનું સન્માન રણજિતરામ સુવર્ણ ચંદ્રકથી કરવામાં આવ્યું હતું.

આપણાં દેશનાકે રાજયના અનેક ભાગોમાં કેટલાક અલભ્ય ચિત્રો આપણે જોયા છે. અનેક નાના - મોટા શિલ્પ સ્થાપત્યો પણ સૌની નજરે ચડે છે. કેટલીક ઐતિહાસિક ઈમારતો જીર્ણ શીર્ણ હાલતમાં પણ જોવા મળે છે. ભીંતચિત્રો કે શિલ્પોની જાળવણી કે દસ્તાવેજીકરણની બાબતમાં આપણે જોઈએ તેવી કાળજી કે જાગૃતિ દાખવી નથી. સરકારના કે સ્થાનિક સંસ્થાઓના પ્રયાસો પણ સર્વગ્રાહી અને સાતત્યપૂર્ણ જણાતા નથી. આ સ્થિતિમાં રામસિંહજી રાઠોડ જેવા સમર્થ સંશોધકોએ દીવાદાંડી સમાન પથદર્શક કામ કરેલું છે. રાજય સરકારના વન વિભાગના આ નિવૃત્ત અધિકારીએ કદી પગ વાળીને બેસવાનું સ્વીકાર્યું નથી.

રાજય સરકારના નિવૃત્ત અધિકારી તથા વિદ્વતજન કુલિનચંદ્ર યાજ્ઞિકે નોંધ કરી છે કે કચ્છ માટે રામસિંહજીને અનહદ પ્રેમ હતો. તેમને જયારે મળો ત્યારે પણ તેઓ કચ્છની સંસ્કૃતિની વાતો કરતા થાકતા ન હતા. આમ પણ કચ્છની પોતાની એક સ્વતંત્ર અસ્મિતા છે. પોતાની બોલી છે. હસ્તઉદ્યોગ અને લલિતકલા બાબતમાં પણ કચ્છનું અનેરુ પ્રદાન છે. કાન્તીસેન શ્રોફ (આદરણીયા કાન્તીકાકા)ના હૂંફ અને માર્ગદર્શનથી કચ્છી હસ્તકલાના વિકાસ માટે સાતત્યપૂર્ણ તાલિમ અને બજારની વ્યવસ્થા સુઆયોજિત રીતે કરવામાં આવી છે. ઘણાં વર્ષોથી આ કાર્ય થાય છે. કચ્છના સાંસ્કૃતિક દર્શન માટે રામસિંહજીએ પણ સંસ્થાગત વ્યવસ્થા ઊભી કરવા પ્રયાસ કર્યો. આ પ્રયાસનું પરિણામ પણ જોવા મળ્યું છે. ગુજરાત સરકારે ભૂજમાં રામસિંહજીને કચ્છના સંસ્કૃતિદર્શનની સ્થાયી વ્યવસ્થા માટે જમીન ફાળવી છે. રામસિંહજીએ પણ પોતાની અંગત બચતમાંથી નાણાકીય રકમની ફાળવણી કરીને કચ્છના સાંસ્કૃતિક દર્શન માટે એક ટ્રસ્ટની રચના કરી છે. રામસિંહજીએ તેમની પોતાની પાસે જે કચ્છની અનોખી કલાકારીગીરીની વસ્તુઓ હતી તેનો પણ જાહેર જનતાને લાભ મળી શકે તે માટે આ સંગ્રહાલય માટે રાખી છે. એક વ્યક્તિના અવિરત તથા અણથાક્યા પ્રયાસોની ઉજળી ગાથા જેવું તેમનું જીવન હતું. હરીન્દ્ર દવેએ નોંધ કરી છે કે સમગ્ર સંસ્કૃતિ એ અંતે તો થોડી વિરલ વ્યક્તિઓના પુરુષાર્થથી ટકે છે. રામસિંહજી કચ્છની સંસ્કૃતિના સંશોધન તેમજ સંવર્ધન માટે વિપુલ માત્રામાં પુરુષાર્થ કરનાર વ્યક્તિ હતા. જીવનભરનું પોતાનું આર્થિક આર્થિક ઉપાર્જન તેમણે કચ્છની સાંસ્કૃતિક દર્શન માટેની સ્થાયી વ્યવસ્થા ઊભી કરવામાં ખરચી નાખ્યું હતું.

કચ્છ આમપણ અનેક ઐતિહાસિક વ્યક્તિઓ તેમજ ઘટનાઓ તથા સ્થળો સાથે જોડાયેલો પ્રદેશ છે. કચ્છ એ ધરતીકંપનું પણ ક્ષેત્ર છે. કચ્છના જિલ્લામથક ભૂજથી લાંબા અંતરે આવેલા ધોળાવીરા ખડીર બેટમાં આવેલું છે. ૧૯૭૦ના દસકામાં ધોળાવીરાનું વિશાળ હડપ્પીય નગર જગતના ધ્યાન પર આવ્યું. સિંધ સંસ્કૃતિનું એક વિરાટનગર હોવાના પૂરતા પુરાવામળ્યા. કચ્છમાં આજે પણ લોકો તથા સરકારનું ધ્યાન સવિશેષ પાણીના પ્રશ્ન તરફ રહે છે. ધોળાવીરાના આ પુરાતન નગરમાં વરસાદી પાણીનો સંગ્રહ કરવા માટેનું ચોક્કસ આયોજન છે. પાણી સંગ્રહ માટેની વિશાળ જગામાં નદી કે ઝરણાઓનું પાણી ચોમાસામાં આ કેન્દ્રીય સંગ્રહસ્થાન તરફ વળે તેવી વ્યવસ્થા ધોળાવીરામાં જોવા મળે છે. સિંધુકાલિન લોકો કલાના પણ ઉપાસક હતા તેવું પણ અનેક પુરાવાઓ પરથી સ્પષ્ટ થાય છે.

રામસિંહજી વન વિભાગના અધિકારી હોવાથી કચ્છમાં વૃક્ષારોપણના કાર્યમાં તેઓએ ઊંડો તેમજ અંગત રસ લીધો છે. કચ્છનાજ વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણ ઈન્દ્રજીના ચીલે રામસિંહ રાઠોડ ચાલ્યા છે. કચ્છની કે કોઈપણ અન્ય સ્થળની કળા કારીગરીની વિવિધતા કે ભાતીગળતાના કેન્દ્રમાં સામાન્ય માનવી હોય છે. એવા કોટી કોટી સામાન્ય માનવીઓ કે જેમણે પોતાના મુંગા પુરુષાર્થ અને સહજ ઉમંગથી કળાની વિવિધ કલાકૃતિઓનું સર્જન કર્યુ છે. પોતાની જાત તેમજ જગત માટે તેમનું આ સ્થાયી યોગદાન છે. રામસિંહજી જેવા સમર્પિત ધૂળધોયા વ્યક્તિત્વનું મૂલ્ય થઈ શકે તેમ નથી. કળા – કારીગરી કે સ્થાપત્યના વિષયમાં થોડી ઘણી પણ જાણકારી કે રુચિ ધરાવનાર માટે રામસિંહ રાઠોડનું સમગ્ર જીવન એક સમૃધ્ધ અભ્યાસગ્રંથ સમાન છે.

# સ્વિસ કેળવણીકાર પેસ્ટેલોજી અને ગાંધી વિચાર



**ગાંધી ૧૦૦**
**ડો. રાજેન્દ્ર જાની**

> **ગરીબોને પણ માણસની પેઠે જીવતા કેમ કરી શકાય? એ શીખવા હું ગરીબ થઈને જીવતો હતો : પેસ્ટેલોજી**

છેલ્લા થોડા સમયથી આપણે આ કોલમના માધ્યમથી ગાંધીજીના શિક્ષણ વિષયક વિચારોની સમાજશાસ્ત્રીય દષ્ટિકોણથી ચર્ચા કરી રહ્યા છીએ. ગાંધીના શિક્ષણ વિચાર પાછળનો વિચાર આપણને આર્થિક સમસ્યાઓ અને તેના કારણે ઊભી થતી અનેક સામાજિક સમસ્યાઓના નિરાકરણ માટેની દિવાદાંડી સમાન છે. ગાંધી પહેલા પણ જેમણે શિક્ષણ સુધારણાની આહલેક જગાવવાનો પ્રયાસ કર્યો હતો એવા સ્વિત્ઝર્લેન્ડના બહુ જાણીતા કેળવણીકાર પેસ્ટેલોજીની વાત આપણે જોવી જોઈએ. પાંચ વર્ષની ઉંમર પિતાનું છત્ર ગુમાવનાર આ પુત્રને તેની માતાએ ઉચ્ચશિક્ષણ આપવામાં કશી કચાશ ના રાખી. તેના ક્રાંતિકારી વિચારોથી રાજયતંત્ર સામે એને બાખડવું પડતું હતું. આ કારણથી એને કાયદાશાસ્ત્રીનો વ્યવસાય પણ છોડવો પડ્યો હતો. પરંતુ તેણે કેળવણી સુધારના અખતરાઓ છોડ્યા નહીં. તેણે અને તેના પત્નીએ ખેડૂત વર્ગની સ્થિતિ કેળવણી મારફતે સુધારણાનો પ્રયાસ હાથ ધર્યો. પોતાના ઘરમાં થોડા ચીંથરેહાલ રખડતા છોકરા ભેગા કરીને ખેતી, કાંતવાનું કામ શીખવાડીને, ઉદ્યોગ શીખવાડીને પોતાનો નિર્વાહ પોતે કરી શકે અને ઉપયોગી ભણતર મેળવે એવો કાર્યક્રમ શરૂ કર્યો.

પેસ્ટેલોજીનો મૂળ આશય કેળવણીના માધ્યમથી દુઃખ દારિદ્રયમાં સડતા ગરીબોને તેમાંથી બહાર લાવવાનો હતો. પેસ્ટેલોજી એમ કહેતો કે 'ગરીબોને માણસની પેઠે જીવતા કેમ કરી શકાય એ શીખવા માટે હું ગરીબ થઈને જીવતો હતો.' - યુગ જુના પ્રશ્નો ઉકેલવાના પ્રયાસ આપણે પેસ્ટેલોજીના જોઈએ ત્યારે દરિદ્રનારાયણની સેવા કરતા અને કેળવણીના સુધારણાના હિમાયતી ગાંધી વિચારનું દર્શન થયા વગર ન રહે. કેળવણીના આ પેસ્ટેલોજી પ્રયોગો સફળ નીવડ્યો પણ એ પોતે કરજનો ભોગ બન્યા પણ આ પ્રયાસો તેણે ચાલુ જ રાખ્યાં. તેમણે હિંમત હાર્યા વગર યુદ્ધના કારણે અનાથ બનેલા એંસી જેટલા બાળકો માટે શાળા શરૂ કરી. અહીં તેણે શિક્ષણની પદ્ધતિ વિષયક પરિવર્તનો દાખલ કર્યા. એ અધ્યાપન મંદિર શરૂ કર્યા. વીસ વર્ષ સુધીની આ સેવાના પરિણામે અન્ય દેશોમાંથી પણ વિદ્યાર્થીઓ એમની સંસ્થામાં ભણવા આવવા લાગ્યા.

પેસ્ટેલોજીનો હેતુ દરેક માનવી વધુ સુખી અને સદાચારી જીવન જીવથી થાય એ હતો. 'માનવી પ્રાણીની બધી શક્તિઓ અને ઈન્દ્રિયોનો સ્વાભાવિક, પ્રગતિશીલ અને સુમેળભર્યા વિકાસ' દ્વારા કેળવણીનો હતો. પેસ્ટેલોજીને મન ભણાવવું એટલે બાળકની સહજ શક્તિઓને અનુસરીને તેનો વિકાસ સાદવો એ હતું. 'કુદરત પાસેથી સીધું ઈન્દ્રિયજ્ઞાન એ જ માનવ શિક્ષણનો પાયો હોઈ શકે.' કારણ કે તે માનવજ્ઞાનનો પણ સાચો પાયો છે - એવો વિચાર વ્યક્ત કરતા પેસ્ટેલોજીએ બાળકને ભણાવતી વખતે શબ્દો દ્વારા કે પાઠ દ્વારા ભણાવવાના બદલે પદાર્થોને જોવા, ગણવા અને તેનું પૃથ્થકરણ કરવું. તેમને નામથી ઓળખવા પણ ભાર મૂકતા હતા. આપણી શાળાઓમાં જો જાવ તો એક સામાન્ય દશ્ય એવું જોવા મળે કે શિક્ષક વિદ્યાર્થીને વારાફરતી ચોપડીમાંથી વંચાવીને શીખવવાના બદલે બાળક શિક્ષકને મોઢેથી સાંભળીને શીખે એના પર વધુ ભાર મૂકતા હતા. આ રીતે પ્રત્યક્ષ જાણ્યાં પછી ન જાણેલા તરફ બાળક જાય તેના પર ભાર મૂક્યા હતા. ટૂંકમાં બાળક સાદામાંથી જટીલ તરફ જાય એ તરફનો ઝોક તેમની કેળવણીનો મૂળ મંત્ર હતો.

પેસ્ટેલોજીના કેળવણી વિચારોને આપણે સમજવાનો પ્રયાસ કર્યો. ત્યારે એક વાત યાદ આવે છે હમણાં સોશિયલ મીડિયામાં એક વાયરલ થયેલો વીડિયોની વાત આવે છે. આ વીડિયોના વક્તા ભારતના શિક્ષણની સ્થિતિ દર્શાવતા એમ વ્યક્ત થાય છે કે સ્વિત્ઝર્લેન્ડની જેટલી વસ્તી છે એટલા તો ભારત દર વર્ષે ઈજનેરો પેદા કરે છે પણ રિસર્ચ અને ઈનોવેશનનાં ક્ષેત્રમાં ભારતનું યોગદાન ગણીએ તો વિશ્વકક્ષાએ શૂન્ય ગણાય એવું છે. જયારે સ્વિત્ઝર્લેન્ડ કયાંક આગળ છે. આપણા દેશમાં બહુ ઓછા ભારતીયોને આ ક્ષેત્રમાં રસ છે. જયારે વિદેશનું શિક્ષણ પ્રત્યેનું વલણ નવું પરિણામ લાવે છે. આ વક્તા ભાઈની વાત બિલકુલ સાચી છે. સ્વિત્ઝર્લેન્ડ જેવડો ટચૂકડો દેશ આગળ છે. કારણ આજથી ૨૫૦ વર્ષ પહેલાએ દેશે પેસ્ટેલોજીની વિચારસરણીના પ્રયોગો જોયા હતા અને એના આધારે શિક્ષણનું આખું માળખું ઘડી કાઢ્યું છે. સમય પ્રમાણે તેમાં પરિવર્તન પણ દાખલ કર્યુ પણ મૂળ વિચારને અનુરુપ જ શિક્ષણ આપવાનું હજુ પણ ચાલું છે. એટલે આવી સફળતા મળે છે.

પેસ્ટેલોજીએ જ કેળવણીનો વિચાર અને પ્રયોગો કર્યા એવી જ વાત. ભારતીય સમાજના સંદર્ભે ગાંધીએ કરી હતી. ગાંધીએ વર્ધાયોજનામાં બાળકો પાસે મજૂરી કરાવી તેમાંથી આવત ઊભી કરવાની વાત કરી હતી. આચાર્ય કૃપલાણીજી નોંધે છે કે, 'ગાંધીની આ વાત સામે તરત જ કેટલાકોની સામે અર્ધભૂખ્યાં, અર્ધનગ્ન બાળકોની ગુલામીના કાળા ચિત્રો ખડો થઈ જાય છે અને તરત જ તેનો વિરોધ કરવા માંડે છે. ગાંધીએ કહેલો 'બાળકોની મજૂરી' એ શબ્દથી શો અર્થ સમજવાનો છે. એનો ખુલાસો સાંભળવા પણ તેઓ થોભતા નથી. મજૂરી કયારે અને કયાં સંજોગોમાં કરવાપણું કયારે ઊભું થાય એ પણ તેઓ તપાસવા માગતા નથી. જેમ જ્ઞાન ખાતર જ્ઞાન એમ આ વિરોધ કરનારાઓને વિરોધ એટલે વિરોધ, એવી માનસિકતા હોય છે.'

કૃપલાણીજી ગાંધીના 'બાળકોની મજૂરી' શબ્દનો તપાસ કર્યા વગરનો ખોટો અર્થ કરનારાઓએ શિક્ષણમાં અનર્થ સર્જ્યો છે. સમાનતા, નાગરિક, સ્વાતંત્ર્ય - વાણી સ્વાતંત્ર્ય, મજૂરીનો હક્ક, શોષણ વિહિનતા વાળો સમાજ વગેરે શબ્દો પર છેડા વગરની ચર્ચાઓ કરનારા તજજ્ઞોની સમજ તેમના ટોળામાં જ રહે, તકરારો પણ તેમનામાં જ રહે શેરીઓ સુધી દોડી ન આવે તો આ દુનિયા ખરેખર સુખી થાય.